प्रेस प्रकाशन

ભારતીય રિઝર્વ બેંક

સંચાર વિભાગ, કેન્દ્રીય કાર્યાલય, એસ.બી.એસ માર્ગ, મુંબઈ-400001

વેબસાઇટ : www.rbi.org.in

ફોન : 91 22 2266 0502 / ફેક્સ : 91 22 2266 0358

ઈ-મેઇલ : helpdoc@rbi.org.in


11 ડીસેમ્બર 2018

**ભારતીય રિઝર્વ બેંક ઇન્ડીયન બેંક પર નાણાકીય દંડ લગાવે છે.**

ભારતીય રિઝર્વ બેન્કે (આરબીઆઇ), તેના 30 નવેમ્બર 2018ના આદેશ દ્વારા, આરબીઆઈ દ્વારા જારી કરવામાં આવેલ "બેન્કોમાં સાયબર સિક્યોરીટી ફ્રેમવર્ક " પરના તારીખ 02 જૂન 2016ના પરિપત્ર અને " છેતરપીંડી (ફ્રોડ)— વાણિજ્ય બેંકો દ્વારા વર્ગીકરણ અને રીપોર્ટીંગ " પરના તારીખ 01 જુલાઈ 2016ના માસ્ટર ડાયરેક્શનના ઉલ્લંઘન બદલ ઇન્ડીયન બેંક (બેંક) પર રૂપિયા 10 મીલીયન નો નાણાકીય દંડ લગાવેલ છે. આ દંડ, આરબીઆઈ દ્વારા જારી કરાયેલ ઉપરોક્ત માર્ગદર્શિકાઓ / નિર્દેશોનું પાલન કરવાની ઉક્ત બેન્કની નિષ્ફળતા ને ધ્યાનમાં રાખીને, ભારતીય રિઝર્વ બેન્કે બેન્કીંગ રેગ્યુલેશન એક્ટ, 1949ની કલમ 46 (4) (i) સાથે વંચાણમાં લેતાં કલમ 47A (1) (c)ની જોગવાઈઓ અંતર્ગત તેને મળેલ સત્તાનો ઉપયોગ કરીને લગાવેલ છે.

આ કાર્યવાહી નિયમનકારી અનુપાલનમાં ખામીઓ પર આધારીત છે અને બેંક અને તેના ગ્રાહકો દ્વારા કરવામાં આવેલા કોઈપણ કરાર અને વ્યવહાર ની વૈધ્યતા પર ઉચ્ચારણ કરવાનો ઈરાદો ધરાવતી નથી.

**અજીત પ્રસાદ**
સહાયક સલાહકાર

**પ્રેસ પ્રકાશન : 2018-2019/1345**